# સાબરકાંઠાની ૮ પ્રાથમિક શાળાના આચાર્યોએ ઓનલાઈન હાજરી ન પૂરતાં કારણદર્શક નોટિસ

## જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનાં આકરાં તેવરથી આચાર્યોમાં ફફડાટ

બાયડ, તા.૧૭

સરકારી પ્રા.શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની અનિયમિતતા નેસ્તનાબૂદ કરવા હવે ઓનલાઈન હાજરી પૂરવાની ઉચ્ચ કક્ષાએથી સૂચના મળ્યા છતાં સાબરકાંઠા જિલ્લાની ૮ સરકારી પ્રા.શાળાના આચાર્યોએ ઓનલાઈન હાજરી પૂરી ન હોવાનું બહાર આવતાં જિલ્લા શિક્ષણાધિકારીએ કારણદર્શક નોટિસ માગી ખુલાસો માંગ્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના આકરાં તેવરથી હાજરી પૂરવામાં મનસ્વીતા દાખવતા આચાર્યોમાં ફફડાટ જોવા મળ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાના કેટલાક તાલુકાઓની ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં શિક્ષકો અનિયમિત આવે છે. કેટલાક કિસ્સાઓમાં અંતરીયાળ શાળા હોય ત્યાં શિક્ષકોએ શાળામાં આવવા માટેના વારા કર્યા છે. તેવી ગંભીર ફરિયાદો વિભાગ સુધી પહોંચી હતી અને હવે છેલ્લા ૨ વર્ષથી વિદ્યાર્થી અને શિક્ષકોની ઓનલાઈન હાજરી મોકલી આપવા વિભાગના સ્પષ્ટ આદેશ છતાં સાબરકાંઠા જિલ્લાની ૮ સરકારી પ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકોએ કોઈપણ કારણોસર નિયત સમય દરમ્યાન શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી મોકલી ન હતી જેની રાજ્ય સ્તરે ગંભીર નોંધ લીધા પછી જિલ્લા શિક્ષણાધિકારીને સમગ્ર બાબતની જાણકારી અપાતાં સમયસર હાજરી ન પૂરતા ૮ આચાર્યોને કારણદર્શક નોટિસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે. જ્યારે જિલ્લાની અનેક શાળાઓમાં ગમે તે ઘડીએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ તપાસ કરશે તેવું પણ જાણવા મળ્યું છે.

### ૮ આચાર્યોને નોટિસ - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઈ ચૌધરીએ જણાવ્યું કે કેટલીક શાળાઓના આચાર્ય ઓનલાઈન હાજરી પૂરતા ન હોવાનું ધ્યાનમાં આવ્યા પછી તેમને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. નોટિસનો જવાબ મળ્યા પછી ગુણદોષ જોઈ કાર્યવાહી કરવામાં આવશે.

# જિલ્લાના ૧૨ જળાશયોમાં ૫૭૩ મીલીયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ : પાણીના જથ્થામાં વધારાથી ભૂગર્ભ જળસ્ત્રોતને ફાયદો



### જિલ્લાના જળાશયોમાં સંગ્રહીત પાણી

| જળાશય | સંગ્રહિત પાણી (મી.ક્યુ.મીટર) | ડેમ સાઈટનો વરસાદ (મિ.મી) |
|---|---|---|
| વાત્રક | ૧૫૮.૨૦ | ૩૬૯ |
| ગુહાઈ | ૬૮.૭૫ | ૩૪૯ |
| માઝૂમ | ૪૩.૮૬ | ૪૩૬ |
| હાથમતી | ૧૫૨.૮૪ | ૩૩૯ |
| લાંક | ૭.૫૪ | ૫૬૯ |
| જવાનપુરા | ૨.૪૮ | ૪૨૪ |
| હરણાવ | ૨૧.૬૭ | ૩૬૯ |
| મેશ્વો | ૫૩.૧૩ | ૨૪૪ |
| વૈડી | ૯.૨૯ | ૮૬ |
| ખેડવા | ૭.૬૩ | ૪૬૮ |
| વરાંસી | ૩.૧૮ | ૪૦૫ |
| ગોરઠીયા | ૪.૧૫ | ૬૬૦ |

બાયડ, તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બીજા રાઉન્ડના વરસાદના અંતે ૧૨ જળાશયોમાં ૫૩૨.૭૩ મીલીયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થયો છે. ઑગષ્ટના અંત કે સપ્ટેમ્બર મહિનાના મધ્યભાગમાં વરસાદના કારણે જેટલું પાણી સંગ્રહીત થતું હતું તે જુલાઈના પ્રથમ પખવાડીયામાં સંગ્રહીત થયું છે. પાણીના જથ્થામાં વધારાથી ભૂગર્ભ જળસ્ત્રોતને વધુ ફાયદો થઈ શકે છે.

આ વર્ષે ગુજરાત ઉપર મેઘરાજા ચારેય દીશાઓમાં મહેરબાન રહેતાં સમગ્ર ગુજરાતનું ખેતી-પાણીનું ચિત્ર દિવસે દિવસે વધુ સમૃદ્ધ થઈ રહ્યું છે. આઝાદીના ૭૫ વર્ષ પછી પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૧૦૦ ટકા જમીનને સરકારી પિયતનો લાભ મળતો નથી. જ્યારે જે વિસ્તારમાં સિંચાઈનો લાભ છે ત્યાં પાણીનાં તળ ઉંચાં હોવાના કારણે ઘરેલું સિંચાઈ યોજના સંભવ બની છે. આજે પણ જિલ્લાના ભિલોડા, મેઘરજ, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા અને બાયડ તાલુકાના અનેક છેવાડાના ખેડૂતોને ચોમાસુ આવે ત્યારે આકાશી ખેતી ઉપર નિર્ભર રહેવું પડે છે. નબળું ચોમાસુ તો ખેડૂતોની વર્ષ દરમ્યાન હાલત કફોડી થઈ જાય છે. ક્યારેક સારુ ચોમાસુ હોય પણ મોસમ બેવફા બને તો ખેડૂતો બરબાદ થઈ જતા હોય છે. પાછલા ૭ વર્ષમાં કમોસમી માવઠાંએ ખેડૂતોને બરબાદ કરવામાં કોઈ કસર છોડી નથી. પરંતુ જળાશયોમાં મહત્તમ પાણી હોય તો એકાદ સીઝન નિષ્ફળ જાય તો ખેડૂતોને શિયાળુ, ઉનાળુ ખેતી માટે સિંચાઈનો પૂરતો લાભ મળી શકે. જિલ્લાના ૧૨ જળાશયોમાં અત્યારે ૫૩૨.૭૩ મીલીયન ક્યુબીક પાણીનો સંગ્રહ થયો છે અને હજુ ૨ મહિનાથી વધુ ચોમાસાની સીઝન હોવાના કારણે તમામ જળાશયો છલકાઈ જાય તેવી સંભાવના પણ ઘણી વધુ છે.

# અલાણા-પાટયો ગામ વચ્ચે ડીપના કારણે વારંવાર સંપર્ક વિહોણા બનતા ગામ

## સરકારમાં રજૂઆત છતાં ગામની પ્રજા પ્રત્યે ઓરમાયું વર્તન



બાયડ, તા.૧૭

બાયડ અને ધનસુરા તાલુકાના છેવાડાના સીમાવર્તી ગામ અલાણા તેમજ પાટ્યો વચ્ચે ચોમાસા દરમ્યાન વરસાદ વરસતાં ડીપ ઉપરથી પાણી જવાના કારણે વારંવાર બંન્ને ગામો સંપર્ક વિહોણા બનતાં વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે અને ગામમાં કોઈ બિમાર હોય ત્યારે સારવાર માટે અન્ય વિસ્તારમાં કેવી રીતે લઈ જવા તેવો પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે. સરકારમાં રજૂઆત પછી પણ આઝાદીના સાડા સાત દાયકા પછી ઉકેલ આવ્યો નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા માર્ગ અને મકાન વિભાગના કૌભાંડો પ્રકાશમાં આવ્યા પછી તાજેતરમાં ૨ અધિકારીઓને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારની પ્રજાની મુશ્કેલીઓ કચરા પેટીમાં ધકેલાતાં આઝાદીના ૭૫ વર્ષ પછી પણ અનેક ગામોને ચોમાસા દરમ્યાન ઘરમાં પુરાઈ રહેવા જેવી સ્થિતિ નિર્માણ પામતી હોય છે. ધનસુરા તાલુકાના પાટ્યોથી બાયડ તાલુકાના અલાણા વચ્ચે માત્ર દોઢ થી બે કી.મી.નું અંતર છે પરંતુ ચોમાસા દરમ્યાન ડીપમાં પાણી આવે ત્યારે બાળકો શાળામાં અભ્યાસ માટે જઈ શકતા નથી અને પ્રજાને રોજગારી પણ ગુમાવવી પડે છે. ત્યારે આ વિસ્તારમાં ૩ મીટર ઉંચા ડીપનું પુન નિર્માણ થાય તો જ ચોમાસા દરમ્યાન સમસ્યા ભોગવતી પ્રજાને કાયમી છૂટકારો મળી શકે છે.

# પ્રાંતિજના નનાનપુર ગામે આરોગ્યની ગુરુ શિબિર રાખવામાં આવી




પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામના કોમ્યુનિટી હોલ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા ગુરુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રાંતિજ ના નનાનપુર ખાતે પ્રા.આ.કેન્દ્ર. ફતેપુરના સુપરવાઈઝર કીર્તિભાઈ પટેલ,નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના સી.એચ.ઓ.,ફી.હે.વ.,મ.પ.હે.વ.,આશા બહેનો તથા ૫૩ જેટલા લાભાર્થી ઉપસ્થિત રહેલ જેમને કુટુંબ નિયોજન અને તેની કાયમી-બિનકાયમી પદ્ધતિઓની સમજ,નિદર્શન-પ્રદર્શન,કોમ્યુનિકેબલ-નોન કોમ્યુનિકેબલ રોગ, સમતોલ આહાર,સ્તનપાન તથા આરોગ્ય વિષયક કાર્યક્રમો અને યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.જેની સુંદર માહિતી આરોગ્ય કાર્યકર શૈલેષ નાયી દ્વારા આપવામાં આવી હતી.તો સુપરવાઈઝર કીર્તિ પટેલ દ્વારા મચ્છરજન્ય અને પાણી જન્ય રોગ અટકાયત વિશે માહિતી આપી હતી.ત્યારબાદ પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું અને અલ્પાહાર પણ રાખવામાં આવેલ હતો.તમામ કર્મચારીઓ દ્વારા ગુરુ શિબિરને ખૂબ સફળ બનાવેલ હતી.




બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર દ્વારા G20 અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણીય સ્થિરતા અંગે જાગૃતિ ફેલાય તે માટે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સામાન્ય રીતે ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણીય ફેરફાર માટે ગ્રીન હાઉસ વાયુઓ જવાબદાર છે. જેના કારણે વૈશ્વિક તાપમાનમાં સરેરાશ વધારો થાય છે અને કુદરતી વિનાશકારી આફતોનું વારંવાર સર્જન થાય છે. આ હેતુથી નિબંધ સ્પર્ધા નો વિષય "ગ્લોબલ વોર્મિંગના કારણો અને તેની વૈશ્વિક અસર"રાખવામાં આવ્યો. ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન G20 કન્વીનર ડો.એમ. આર. સોલંકી અને ડો. કે. પી. પટેલ તેમજ G20 ટીમ દ્વારા કરવામાં આવ્યું. ડો. જી. ડી આચાર્ય. ડો. પી એસ પટેલ ડો. સુશીલાબેન ઘટિયાલા, ડો. અમીબેન પટેલ,ડો. ધ્રુવ પંડ્યા વગેરે અધ્યાપકો કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના આચાર્ય શ્રી ડો. વાય. બી. ડબગર સાહેબ હાજર રહી વિદ્યાર્થીઓને G20 અને ગ્લોબલ વોર્મિંગ વિષય બાબતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# શાકભાજીની અછત સામે કારેલાના ભાવ ઊંચા મળતા ખેડૂતો હરખાયા...





ગાંભોઈ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ ઓછા ખર્ચે વધુ ઊપજ અને આવક આપતા બાગાયતી શાકભાજી પાક ગણાતા કારેલા પાકનું મોટે પાયે વાવેતર કરેલ છે. જે પાકની ઊપજ તૈયાર થઈ શાક બજારમાં આગમન થતા જ ખેડૂતોને કારેલાના ગત વર્ષ કરતાં ચાલુ વર્ષની મોસમમાં ઉંચા ભાવો મળતા ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

આ અંગે રૂપાલ ગામના ખેડૂત દિનેશ ભાઈ પટેલના જણાવ્યા મુજબ ગત મે માસ દરમિયાન કારેલાના છોડનું વાવેતર કર્યા બાદ હાલ તેની સારી ઊપજ સાથે ઉત્પાદન મળતું થયું છે. શાક બજારમાં હાલ માલની ગુણવત્તા મુજબ હાલ ૨૦ કિલોના રૂ.૭૦૦ થી રૂ.૮૦૦ સુધીના ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. ગત વર્ષે ખેડૂતોને કારેલાના ૨૦ કિલોના રૂ.૧૦૦ થી રૂ.૩૦૦ સુધી ભાવો મળ્યા હતા. જે ચાલુ વર્ષે ભાવમાં બમણો વધારો જોવા મળે છે. ચોમાસુ મોસમમાં શાકભાજીનો રાજા ગણાતા આયુર્વેદિક ઔષધીય એવા કારેલાની માંગ વધુ રહેતી હોય છે. ખેડૂતોને હાલ સારા ભાવ મળતા ખેડૂતવર્ગ માટે કડવા કારેલાની આવક મીઠી લાગી રહી છે. બીજી તરફ શાક બજારના વેપારી અજયભાઈ ખટીકના જણાવ્યા મુજબ તાજેતરમાં ચોમાસાના પ્રારંભે થયેલા ભારે વરસાદના કારણે બજારોમાં શાકભાજીની આવકો ઘટતાં કારેલાના ભાવ સહિત તમામ અન્ય શાકભાજીના ભાવોમાં વધારો થવા પામ્યો છે.

# પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે બનાવેલ પ્રોટેક્શન દિવાલ માત્ર બે વર્ષમાં જ ધરાશાયી

**પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બનાવવામા આવેલ પ્રોટેક્શન દિવાલ ધરાશાયી થઈ : ધાર્મિક સ્થળે પણ ભ્રષ્ટ્રાચારની દિવાલ ધરાશાયી થઈ : ૪૦ થી ૫૦ ફુટ પ્રોટેક્શન દિવાલ ધરાશાયી થઈ : લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ પ્રોટેક્શન દિવાલ ધરાશાયી : હલકી ગુણવત્તાનું કામ થયુ હોવાનુ મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યુ**





પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ પૌરાણિક માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે નગરપાલિકા દ્વારા બનાવવામા આવેલ પ્રોટેક્શન દિવાલ માત્ર બે વર્ષ માંજ ધરાશાયી થઈ હલકી ગુણવત્તા વાળુ કામ થયુ હોવાનુ સામે આવ્યુ.

પ્રાંતિજ નગરપાલિકાના કૌભાંડોના પટારા એક પછી એક ખુલતા જાય છે તેમા કોઈ નવાઈ નથી ત્યારે વધુ એક ભ્રષ્ટ્રાચાર નો પટારો ખુલ્યો હોય તેવુ સામે આવ્યુ છે જેમા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બે વર્ષ અગાઉ પાલિકા ની ગ્રાન્ટ માંથી પ્રાંતિજના નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ પૌરાણિક માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે બે વર્ષ પહેલાજ પ્રોટેક્શન દિવાલ બનાવવામા આવી હતી જે ગતવર્ષે વરસાદ નહી પડતા આ વર્ષે સારો વરસાદ પડતા જ ૪૦ થી ૫૦ ફુટ જેટલી પ્રોટેક્શન દિવાલ ધરાશાયી થતા પ્રાંતિજ પાલિકાની ભ્રષ્ટ્રાચારની વધુ એક પોલ ખુલ્લી છે જેમા પ્રોટેક્શન દિવાલ ના કામમા માટો રેતી નોજ ઉપયોગ થયો હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર રેતી-માટી માંજ કામ કર્યુ હોય અને સળીયાઓનો પણ કોઈ જગ્યાએ ઉપયોગ ના થયો હોવાનુ જણાવી રહ્યા છે ત્યારે પાલિકા દ્વારા લાખો રૂપિયા ના ખર્ચે બનાવેલ પ્રોટેક્શન દિવાલ સારા વરસાદ ને લઈ ને પોલ ખુલી છે ત્યારે પ્રોટેક્શન દિવાલ ધરાશાયી થતા પુરતો અને તેની સમતા સમાન માલના હોય હાલતો જાણે ટ્રકેટર કે ગાડી પથ્થર ની ઢાલવી હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે મંદિર વ્યવસ્થાપક કમિટી તથા મંદિરે આવતા દર્શનાર્થીઓ ,નગરજનો જણાવી રહ્યા છેકે જવાબદારો સામે એકશન લેવામા આવે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે જવાબદારો સામે એક્શન લેવાશે કે નહી તે તો હવે જોવુ રહ્યુ અને આ ધાર્મિક સ્થળ ઉપર તાત્કાલિક ફરીથી પ્રોટેકશન દિવાલ બનાવી આપવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પાલિકાના જવાબદાર અધિકારી દ્વારા આવા કોન્ટ્રાક્ટરો કે જે કોઈ પણ દોષિત હોય તેવા લોકો સામે એક્શન લેવાશેકે પછી હોતા હે ચલતા હે તેવી સ્થિતિ જોવા મળશે એતો હવે જોવુ રહ્યુ.

### ચીફ ઓફિસર પ્રાર્થનબેન નુ શુ કહેવુ છે

આઅંગે પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાર્થનબેનનો ટેલીફોનીક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે આ મેટલ ની મને ખબર નથી આજે તો હુ હાઈકોર્ટ મા છુ પણ કાલે જોવડાવી લઈશ

### મંદિરના ટ્રસ્ટી યોગેશભાઈ રાવલ નુ શુ કહેવુ છે

આ અંગે યોગેશભાઈ રાવલ ને પુછતા તેવોએ જણાવ્યુ કે મે નગરપાલિકામા ચીફ ઓફિસર તથા સાંસદ તથા ધારાસભ્ય ને પણ આ અંગે જાણ કરી છે અને આ પ્રોટેક્શન દિવાલ ઝડપથી ફરી બનાવવામા આવે તેવી રજુઆત કરી છે તો અહી માટી પુરાણ કરવામા ના આવ્યુ હોય તથા સીમેન્ટનુ પ્રમાણ ઓછુ હોય આ પ્રોટેક્શન દિવાલ ધરાશયી થઈ.

**આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ, પાલનપુર દ્વારા**

# મિશન ચન્દ્રયાન-૩ (LVM3)નું લાઈવ નિદર્શનનું આયોજન કરાયું



પાલનપુર, તા. ૧૭

ભૌતિકશાસ્ત્ર વિભાગ અને ગણિતશાસ્ત્ર વિભાગ, આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ, પાલનપુર દ્વારા તારીખ ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ મિશન ચન્દ્રયાન-૩ (LVM3) નું લાઈવ નિદર્શન નું આયોજન કરાયુ. આ પ્રોગ્રામ માં ઈસરો દ્વારા ચન્દ્રયાન-૩ નું લોન્ચિંગ “લોન્ચિંગ વિહિકલ માર્ક-૩(LVM3)” દ્વારા કરવામાં આવ્યો. આજના પ્રોગ્રામ માં ઈસરો દ્વારા ચન્દ્રયાન-૩ને પ્રથ્વીની લો અર્થ ઓર્બીટમાં સફળતા પૂર્વક ગોઠવવામાં આવ્યો. લગભગ ૪૦ દિવસ પછી ચન્દ્રયાન-૩ ચંદ્રની કક્ષામાં ગોઠવવામાં આવશે. તથા તેમાંથી ઓર્બીટર, લેન્ડર અને રોવર છુટા પાડવામાં આવશે. રોવર ચંદ્રની દક્ષિણ ધ્રુવની સપાટી પર પરીભ્રમણ કરશે અને તેના જુદા-જુદા સેન્સર દ્વારા ચંદ્રના હવામાન તથા ખનીજ પદાર્થોની શોધ કરશે. મિશન ચન્દ્રયાન-૩ (LVM3) ની સફળતાથી ભારત વિશ્વ માં ચોથો દેશ બનશે અને દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ દેશ બનશે. આ પ્રોગ્રામમાં કુલ ૨૩ અધ્યાપકો અને ૯૫ કોલેજના વિધ્ધાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ પ્રોગ્રામમાં પ્રિન્સિપાલ ડૉ.વાય. બી. ડબગર, ડૉ.જી.ડી.આચાર્ય, પ્રો.ડી.એસ.ખીલારે, પ્રો.પી.વી. મોઢ, ડૉ.કે.પી.પટેલ, ડૉ.એ. ડી.પરમાર, ડૉ જે. એન. પટેલ, ડૉ.એસ.એચ.પ્રજાપતી તથા અન્ય અધ્યાપકો મિત્રો પણ હાજર રહા હતા. ડૉ. આર. જે. પાઠક દ્વારા કાર્યક્રમ માં મિશન ચન્દ્રયાન-૩ (LVM3)ની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ આખા પ્રોગ્રામનું સફળ આયોજન તથા સંચાલન પ્રો.સાગર આર. નાઈ, પ્રો.હરેશ આર.ચૌધરી અને મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં દશામાંના વ્રતનો પ્રારંભ





પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના માર્કડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ શ્રી દશામાંના મંદિર ખાતેમાં દશામાના વ્રત ને લઈને હોમ-હવનનુ આયોજન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ સહિત તાલુકામા મા દશામા ના વ્રત નો ૧૭।૭।૨૦૨૩ને સોમવાર થી પ્રારંભ થયો છે તો પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ માં દશામાના મંદિર ખાતે પણ હોમ હવનનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર પરિષદમાં દશામાના વ્રત ની ઊજવણી કરવામા આવશે તો મંદિર ખાતે હોમ હવનમા શ્રીફળ હોમયા બાદ મંદિરના શિખર ઉપર નવિન ધજા ચઢાવવામા આવી હતી તો અશોકભાઈ બ્રહ્મભટ્ટ તથા તેમના ધર્મ પત્ની તથા ઉત્પનલભાઈ પટેલ તથા તેમના ધર્મ પત્નીએ હવન નો લાભ લીધો હતો તો પ્રકાશભાઈ શાસ્ત્રી તથા પરેશભાઈ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પુજા કરવાવવમા આવી હતી તો મંદિર વ્યવસ્થાપક નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા વ્રત નો પ્રારંભ થતા વ્રત કરતી બહેનોને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો દરવર્ષ ની જેમ આ વર્ષે પણ દશામા ના મંદિર ખાતે આવર્ષે પણ સુંદર વ્યવસ્થા કરવામા આવી છે જેમા અન્નકુટ , હવન સહિત રાત્રી દરમ્યાન રાસ ગરબા સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે.